# ડેરી વિજ્ઞાન કેન્દ્ર,વેજલપુર દ્વારા ત્રણ દિવસીય મહિલા પશુપાલક તાલીમ

ડેરી વિજ્ઞાન કેન્દ્ર, વેજલપુર, શેઠ મ.છ. ડેરી વિજ્ઞાન મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા ત્રણ દિવસીય મહિલા પશુપાલક તાલીમ તા. ૧૨/૦૬/૨૦૧૮ થી ૧૪/૦૬/૨૦૧૮ સુધી કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમમાં કુલ ૫૦ પંચમહાલ જિલ્લાના પશુપાલક મહિલાઓ અને એક પશુપાલક ભાઈ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમના શુભારંભમાં મુખ્ય મહેમાન તરીકે ડૉ. અરુણ એ. પટેલ સાહેબ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આકૃયુ, આણંદ અને ડૉ.જે.બી.પ્રજાપતી સાહેબ, આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષ, શેઠ મ.છ. ડેરી વિજ્ઞાન મહાવિદ્યાલય હાજર રહ્યા હતા. ડૉ.જે.બી.પ્રજાપતી સાહેબે મુખ્ય મહેમાનનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. ત્યારબાદ મહેમાનશ્રી ડૉ. અરુણ એ. પટેલ સાહેબે પશુપાલક બહેનોને વિવિધ વિષયની માહિતીની ઉપયોગિતા વિષે માર્ગદર્શન આપીને કાર્યક્રમની શરૂઆત કરી હતી. ત્યાર બાદ ડૉ.એસ.જે.જાદવ ઇ/ચા હેડ અને મદદનીશ પ્રાધ્યાપક, ડિવિકે દ્વારા મહેમાનોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ ત્રણ દિવસીય તાલીમ કાર્યક્રમમાં વિવિધ વિષયોનો સમાવેશ કરવામાં આવેલ જેવા કે,  સ્વચ્છ દૂધ ઉત્પાદન, પશુ માવજત અને રહેઠાણ, પશુ સમતોલ આહાર, પશુ પ્રજનન, પશુ સ્વાસ્થ, નવજાત બચ્ચનો ઉછેર અને સંભાળ, પ્રતિસંચારિત રોગ, પશુમાં પરોપજીવી અને નિયંત્રણ, દૂધનું મૂલ્ય વર્ધન વગેરે.













